

# સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજીમાં ગુરુપૂર્ણિમા પૂર્વે ભક્તોનું ઘોડાપુર

અરવલ્લી જીલ્લાની ગિરિમાળાઓની વચ્ચે અને કુદરતી સૌંદર્યની વચ્ચે બિરાજેલા ભગવાન શામળિયાના વિષ્ણુ મંદિરે કાળીયાદેવ ઠાકોરના દર્શનાર્થે શુક્રવારે ગુરુપૂર્ણિમાના દિવસે વહેલી સવારથી ભક્તોની ભારે ભીડ દર્શનાર્થે ઉમટી હતી ભગવાન શામળિયાના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. ગુજરાતના સુપ્રસિદ્ધ મંદિરોમાં સૂર્ય કે ચંદ્રગ્રહણ સમયે મંદિરો બંધ રાખવામાં આવે છે. બીજું બાજુ સમગ્ર રાજ્યમાં એક માત્ર શામળાજી વિષ્ણુ મંદિર ખુલ્લું રહેતું હોવાથી રાજ્યના અને અન્ય રાજ્યોના ભાવિ ભક્તો વિશેષ પૂજા કરવા ઉમટતા હોય છે. ગ્રહણમાં જાપ અને ઉપવાસનું વિશેષ મહત્વ હોવાથી સવારે ૬ વાગે કપાટ ખુલતા દેવ દર્શને ઉમટ્યા હતા. ૬:૪૫ કલાકે મંગળા આરતી અને ૮:૩૦ કલાકે શણગાર આરતી અને ૧૦:૩૦ કલાકે રાજભોગ અને ૧૧:૧૫ કલાકે રાજભોગ આરતીનું આયોજન કરાયું હતું. બપોરે ૧૨ કલાકે મંદિરના દ્વાર બંધ કરાય તે પહેલા હજ્જારો શ્રદ્ધાળુઓ દેવદર્શનનો લાભ લીધો હતો. ગુરુપૂર્ણિમા નીમીત્તે પોલીસતંત્ર દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

## પાલનપુરમાં બાળકીના અપહરણની આશંકાએ રિક્ષાચાલકની ધૂલાઈ

પાલનપુરના ગઠામણ દરવાજા વિસ્તારમાં એક રિક્ષા ચાલકે નાની બાળકીનું અપહરણ કર્યુ હોવાની આશંકાએ ટોળુ એકત્ર થઈ ગયું હતુ. જેમણે રિક્ષા ચાલકની ધોલાઈ કરી પોલીસ મથકે લઈ જતાં ભારે ઉત્તેજના પ્રસરી જવા પામી હતી.

પાલનપુર શહેરના ગઠામણ દરવાજા વિસ્તારમાં બપોરના સુમારે ભિક્ષુક બાળકીને એક રિક્ષા ચાલક બદઈરાદે અપહરણ કરવાનો પ્રયાસ કર્યો હોવાની જાણ ટોળુ એકત્ર થઈ ગયું હતુ. દરમિયાન શહેરના હિંદુ સંગઠનોને આ અંગેની જાણ થતાં તેઓ ત્યાં દોડી ગયા હતા. અને રિક્ષા ચાલકની ધૂલાઈ કરી પોલીસને સોંપ્યો હતો.

# સ્કીલ ડેવલપમેન્ટ માટે યુ જી સી એ કડીની પ્રમુખ સ્વામી કોલેજને ૫ કરોડની ગ્રાન્ટ

**દેશમાં ત્રણ કોલેજ પૈકી સર્વ વિદ્યાલય કેળવણી મંડળની કડી પ્રમુખ સ્વામી કાલેજનો સમાવેશ : સ્કીલ એજયુકેશનમાં પી એચ ડી પણ કરી શકાશે : ગુજરાતના યુવાનોને સૌથી વધારે લાભ મળશે : વલ્લભભાઇ પટેલ : ચેરમેન કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ**

ગાંધીનગર તા ૨૭

યુ જી સી નવી દિલ્હી દ્વારા સમગ્ર દેશમાં ત્રણ કોલેજોને સ્કીલ ડેવલપમેન્ટ માટે ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. જયારે આ ત્રણ પૈકી એક કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત પ્રમુખ સ્વામી કોલેજને કૌશલ્ય કેન્દ્રની સ્થાપના માટે રૂ ૫ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે.

યુ જી સી નવી દિલ્હી દ્વારા સ્કીલ ડેવલપમેન્ટની વૃતિ પ્રવૃતિને વેગ આપવા માટે સમગ્ર દેશમાં ત્રણ કોલેજોને પંડિત દિનદયાલ કૌશલકેન્દ્રની સ્થાપના માટે ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. જયારે કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળની પ્રમુખ સ્વામી સાયન્સ એન્ડ એચ ડી પટેલ આર્ટસ કોલેજ ખાતે પંડિત દિનદયાલ ઉપાધ્યાય કૌશલ કેન્દ્રની સ્થાપના માટે રૂ ૫ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. જયારે અન્ય બે કોલેજોમાં દિલ્હી અને જલંધરનો સમાવેશ થાય છે. સ્કીલ ઈન્ડીયાના ભાગરૂપે નેશનલ સ્કીલ કવોલિફીકેશન ફ્રેમવર્ક, યુજીસી નવી દિલ્હી દ્વારા સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત પ્રમુખ સ્વામી કૌશલ કેન્દ્રની મંજુરી મળી છે. એગ્રીકલ્ચર, ટેક્ષટાઈલ, સિરામિક, ફાર્માસ્યુટીકલ, કમ્પ્યુટર સાયન્સ, હોસ્પિટાલીટી, અને ટુરીઝમ મેનેજમેન્ટ જેવા ક્ષેત્રોમાં વિવિધ અભ્યાસક્રમો દ્વારા કૌશલ્યો ધરાવતા યુવાનો તૈયાર કરી સ્કીલ ઈન્ડીયા અને ન્યુ ઈન્ડીયાના નિર્માણ માટે આ ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. કોલેજમાં નવા સ્કીલ સેકટરોનો ઉમેરો કરવામાં આવ્યો છે. જયારે વિદ્યાર્થીઓને પી એચ ડી સુધીની અભ્યાસની નવી તકો મળે તેવુ આયોજન પણ કરવામાં આવ્યુ છે. હાલમાં પ્રમુખ સ્વામી કોલેજ સેરા સેનેટરી વેર, સોમાણી, ટોરેન્ટ ફાર્મા સહીતની ૪૫ થી વધુ ઈન્ડસ્ટ્રીઝ સાથે વિદ્યાર્થીઓની ટ્રેઈનીંગ અને પ્લેસમેન્ટનુ કામ કરી રહી છે.

જયારે નવા અભ્યાસક્રમોના આધારે ટુરીઝમની નવી ઈન્ડસ્ટ્રીઝ પણ ઉમેરાશે. આ અભ્યાસક્રમો વિદ્યાર્થીને ૪૦ ટકા કોલેજોમાં અને ૬૦ ટકા ઉદ્યોગોમાં શીખવવામાં આવે છે. જયારે વિદ્યાર્થીઓને તમામ ડીગ્રી હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી દ્વારા આપવામાં આવશે. જયારે આ અભ્યાસક્રમો ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯ માં શરૂ થઇ જશે. એગ્રીકલ્ચર , ટેક્ષટાઈલ, સિરામીક, ફાર્મા, હોસ્પિટાલીટ અને ટુરીઝમ મેનેજમેન્ટ તેમજ કમ્પ્યુટર અને આઈ ટી જેવા ક્ષેત્રમાં રોજગારીની નવી તકો મળશે. સંસ્થાની આ સિધ્ધિ બદલ કડી સર્વ વિદ્યાલયના ચેરમેન વલ્લભભાઈ પટેલ તેમજ હેમચંદ્રાચાર્ય યુનિવર્સીટીના કુલપતિ પ્રો ડો બી એ પ્રજાપતિએ સંસ્થાને અભિનંદન પાઠવ્યા છે. જયારે આ સ્કીમનો લાભ દેશમાં સૌથી વધારે ગુજરાતના યુવાનોને મળશે તેમ પણ જણાંવ્યુ છે.

# ગુજરાત કર્મયોગી ઉત્કર્ષ મહાસંઘ દ્વારા બોર્ડ-નિગમોને સાતમા પગારપંચનો તફાવત આપવા રજુઆત

ગાંધીનગર, તા.૨૭

રાજય સરકારના કર્મચારીઓને તા. ૧-૧-૧૬ થી ૩૧-૭-૧૬ સુધીના સાત માસના પાગર તફાવતની રકમ ત્રણ હપ્તામાં ચુકવવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. પરંતુ હજુ સુધી તફાવતની રકમ બોર્ડ નિગમના કર્મચારીઓને મળી નથી. જે બોર્ડ નિગમ તેમજ ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાઓને નાણા વિભાગની મંજુરીથી સાતમાં પગારપંચનો લાભ આપવામાં આવ્યો છે. તેવા કર્મચારીઓને તફાવતની રકમની ચુકવણી અંગે રાજય સરકાર અલગથી વિચારણા કરી નિર્ણય કરવામાં આવશે. જયારે તાજેતરમાં રાજય સરકારે ગુજરાત ઉર્જા વિકાસ નિગમને સાતમાં પાગર પંચનો લાભ સાથે પગાર તફાવતની રકમ ચુકવવા જણાવ્યું છે.

નાણા વિભાગના ઠરાવ મુજબ બોર્ડ-નિગમના કર્મચારીઓને સાતમા પગારપંચનો લાભ આપવામાં આવ્યો છે. ત્યારે પગાર તફાવતની રકમની ચુકવણી અંગે અલગથી વિચારણા કરી નિર્ણય લેવાશે. તેવી સ્થિતિમાં ઉર્જા વિકાસ નિગમ હોવા છતા રાજય સરકારના કોઈ પણ બોર્ડ કે નિગમ સહિત સંસ્થાઓને પગાર તફાવતની રકમની ચુંકવણી માટે કોઈ જ ઠરાવ થયો નથી.તેમ છતા નિગમને પગાર તફાવતની રકમ ચુકવવાની જાહેરાત કરવામાં આવી છે. ત્યારે ગુજરાત કર્મયોગી ઉત્કર્ષ મહાસંઘ દ્વારા પગાર ચુકવણી તફાવતનો નિર્ણય સત્વરે કરવામાં આવે તે માટે રાજય સરકારને લેખિત રજુઆત કરવામાં આવી છે.



**ખેડબ્રહ્મા તાલુકાના ગઢડા-શામળાજી ખાતે કાળીયા ઠાકોરને ધરાયો અન્નકુટ**

ખેડબ્રહ્મા તાલુકામાં આવેલા યાત્રાધામ તરીકે ઓળખાતા ગઢડા શામળાજી ખાતે આજરોજ ગુરૂ પુનમ નિમિત્તે રણછોડરાયને અન્નકુટ ધરાવાયો હતો.



ગાંધીનગર તાલુકાના ભોયણ રાઠોડ ગામે નવીન ગ્રામ પંચાયત ઘરનુ ઉદ્ઘાટન ધારાસભ્ય શંભુજી ઠાકોર તથા ગાંધીનગર તાલુકા પંચાયતના પ્રમુખ શોભનાબેન ઠાકોર તથા જિલ્લા મહામંત્રી આઈ.બી. વાઘેલા હાજર રહ્યા હતા.

# ગઢમાં યુવતીની છેડતી બાદ પોલીસે ફરિયાદ ન લેતાં હોબાળો

**ગઢ પોલીસ સ્ટેશનના ઘેરાવ બાદ આખરે સામસામે ફરિયાદ નોંધાતા પોલીસે તપાસ હાથ ધરી**

પાલનપુર તાલુકાના ગઢ ગામે એક ખેતરમાં બેઠેલા યુવક યુવતીને બહાર નીકાળ્યા બાદ પંદર જેટલા શખ્સોએ ખેતર માલિક ઉપર હૂમલો કર્યો હતો. આ



અંગે ગઢ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. જોકે, બીજી તરફ આ યુવતી સગાઈ થયેલા યુવક સાથે આવી રહી હતી. ત્યારે ત્રણ શખ્સોએ છેડતી કરી હતી. આ છેડતીની ફરિયાદ પોલીસે ન લેતાં યુવતીના પરિવારજનો સહિતના ટોળાએ પોલીસ સ્ટેશનને ઘેરી લેતાં ભારે ઉત્તેજના પ્રસરી જવા પામી હતી. જયાં આખરે પોલીસે ફરિયાદ નોંધતાં મામલો થાળે પડ્યો હતો. અંગે સામસામે ગૂનો નોંધી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

પાલનપુર તાલુકાના ગઢ ગામમાં નિલેષભાઈ તળજાભાઈ દેસાઈએ તેમના ખેતરમાં યુવક – યુવતીને બેસવાની ના પાડી હતી. જેનું મનદુખ રાખી ગઢના મેહુલભાઈ ભીખાભાઈ ગોઠી, સુરેશભાઈ લખુભાઈ ભોડવા, મડાણાના વિપુલભાઈ મફાભાઈ ડેરીયા, મનિષભાઈ પરમાભાઈ ભરસાડીયા, વાગડોડના આશિષભાઈ રમેશભાઈ પટેલ સહિત અન્ય નવ શખ્સો ધોકા-પાઈપોથી હૂમલો કરી નિલેષભાઈને ઈજાઓ પહોચાડી હતી. આ અંગે તેમણે ગઢ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. તો સામે પક્ષે યુવતીએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતુ કે, તે તેના મંગેતર સાથે એકટીવા લઈને પસાર થઈ રહી હતી. ત્યારે ગઢ નહેર નજીક બાઈક લઈને ઉભેલા ત્રણ શખ્સોએ મંગેતર સાથે લાપટ જાપટ કરી ગળામાંથી સોનાની ચેઈન ખેંચી લીધી હતી. તેમજ તેણીની છેડતી કરી હતી. આ અંગે ગઢ પોલીસ મથકે ફરિયાદ નોંધાવવા જતાં પોલીસે ફરિયાદ નોંધી ન હતી.

આ મુદ્દે યુવતીના સગાઓનું ટોળુ પાલનપુર જિલ્લા પોલીસવડાની કચેરીએ દોડી આવ્યું હતુ. જે બાદ ગઢ પોલીસ મથકે પહોચી ભારે હોબાળો કર્યો હતો. આખરે પોલીસે તેમની ફરિયાદ નોધી સામસામે ગૂનો નોંધી તપાસ હાથ ધરી છે. આ ઘટનાક્રમને પગલે સમગ્રપંથકમાં ભારે ઉત્તેજના પ્રસરી જવા પામી હતી.

# ડેમોક્રેટીક પીપલ્સ સોસાયટીની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા.૨૭

ડેમોક્રેટીક પીપલ્સ એસોસિએશન ગુજરાત ગાંધીનગરની બેઠક તાજેતરમાં સંસ્થાના પ્રમુખ ભાનુકાન્ત. પી.પરમારના અધ્યક્ષસ્થાને ઉપપ્રમુખ દશરથભાઈ પરમારના નિવાસ સ્થાને યોજાઈ હતી. જેમાં શહેરમાં રાત્રી આશરા બાંધવા માટે છેલ્લા ૧૦ વર્ષથી એસોસિએશન તરફથી શહેરના મનપાને તથા માર્ગ અને મકાન બાંધકામ મંત્રીને રજુઆત કરવા છતા નામદાર સુપ્રિમ કોર્ટ તથા હાઈકોર્ટના આદેશ છતા કોઈ પ્રગતિ થઈ નથી તે ખેદજનક છે. ઠંડી, ગરમી અને વરસાદમાં બહારગામથી આવતા મજુરો ઉપર આભ અને નીચે ધરતી જેવી દયાજનક સ્થિતિ હોય છે. આ અંગે મેયર તેમજ મંત્રીકક્ષાએ લેખિત રજુઆત કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. અનુસૂચિત જાતિ સ્પેશીયલ વિકાસ ફંડ એક્ટ ઘડવા માટે અગાઉ પણ તાજેતરમાં મુખ્યમંત્રી કક્ષાએ આવેદન પત્ર આપવામાં આવ્યું હતું. જયારે મુકિતધામ સે-૩૦માં સંત શ્રી રોહિદાસ તથા શહિદવીર મેઘમાયાની મૂર્તિઓના સ્થાપના દિને તા. ૧લી સપ્ટેમ્બરે પુષ્પાંજલિ કાર્યક્રમનું આયોજન કરવા મહામંત્રી વિરચંદભાઈના અધ્યક્ષ સ્થાને કમિટીની નિમવામાં આવી હતી. આ બેઠકનું સફળતા પૂર્વકનું સંચાલન મહામંત્રી વિરચંદભાઈ પરમારે કર્યું હતું.

# સે-૨૬-૨૭ રહેણાંક વિસ્તારમાં હોસ્ટેલથી વસાહતીઓ ત્રાહીમામ

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર શહેરના છેવાડાના સે-૨૬ અને સે-૨૭ના રહેણાંક વિસ્તારમાં હોસ્ટેલો ધમધમી રહી છે. આ સેકટરના બહારગામના હજ્જારો યુવક-યુવતિઓ ભાડેથી મકાન મેળવી વસવાટ કરે છે. ત્યારે કેટલાક નાગરીકો મકાન ભાડે રાખીને હોસ્ટેલના છોકરાઓને તેમજ સ્પર્ધાત્મક પરિક્ષાની તૈયારીઓ કરતા યુવકોને જમાડવાનું કામ કરે છે.ત્યારે રહેણાંક વિસ્તારનો કોમર્શીયલ ઉપયોગ કરવામાં આવતા રહીશો ત્રાહીમામ પોકારી ઉઠ્યો છે.

સવાર સાંજ જમવાના સમયે રસોડું હોય ત્યાં અડીંગો જમાવી બેસી જાય છે. રાજયભરના વિવિધ જિલ્લાના યુવકો એકઠા થતા ઠઠ્ઠા મશ્કરી કરતા આસપાસમાં રહેતા નાગરીકોનું રહેવું મુશ્કેલ બની જવા પામ્યું છે. જયારે બેન-દિકરીઓ જમવાના સમયે યુવકો એકઠા થતા હોવાથી રાત્રીના સમયે ઘરની બહાર પણ નીકળી શકતી નથી. જયારે યુવાનો અને હોસ્ટેલ સંચાલકો એ પણ પોતાના થકી અન્ય નાગરીકોને હાલાકીનો સામનો ન કરવો પડે તેની તકેદારી રાખવાની તાતી જરુરીયાત ઉભી થવા પામી છે. નહીંતર રહેણાંક વિસ્તારમાં ધમધમતી હોસ્ટેલ અને રસોડા પર સરકારી તંત્રએ કમર કસવાની જરુરીયાત છે.



આજે ગુરૂપૂર્ણિમાના પવિત્ર દિવસે શ્રી સિદ્ધાશ્રમ સાધક પરિવાર દ્વારા મહેસાણા શહેરમાં વી.કે. વાડીમાં ગુરુ વંદનાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં ગુરૂદેવશ્રી આત્મપ્રકાશાનંદજી મહારાજના સાનિધ્યમાં મોટી સંખ્યામાં લોકોએ દર્શનનો લાભ ઉઠાવ્યો હતો

# ભાજપ શાસિત પાલનપુર પાલિકામાં સત્તાનું કેન્દ્રીકરણ..!

**છેલ્લી ટીપી કમિટીને લઈને ઘમાસાણ:કમિટી પાછી ઠેલાતા અનેક તર્ક-વિતર્ક**

ભાજપ શાસિત પાલનપુર નગર પાલિકા વિવાદોનો પર્યાય બની ગઈ છે. પાલનપુર પાલિકાની વિવિધ કમિટીઓની મુદત પુરી થઈ રહી હોવા છતાં મળનારી પાલિકાની સાધારણ સભાના એજન્ડામાં કમિટી રચના ના મુદ્દાનો સમાવેશ કરાયો નથી. જેને લઈને સત્તાના કેંદ્રીકરણની દહેશત સેવતા ભાજપી નગર સેવકોમાં છુપો અસંતોષ પ્રવર્તી રહ્યો છે. જોકે, છેલ્લી ઘડીએ ટીપી કમિટીની બેઠક રદ કરવાના વિવાદે બળતામાં ઘી ઉમેર્યું હોય તેવો ઘાટ ઘડાયો છે.

ભાજપ શાસિત પાલનપુર નગર પાલિકાની વિવિધ કમિટીઓની મુદત આગામી ૨૭મી જુલાઈએ પૂર્ણ થઈ રહી છે. ત્યારે મલાઈદાર કમિટીઓ મેળવવા ભાજપી નગર સેવકો ભારે લોબિંગ કરી રહ્યા છે. ત્યારે નગરસેવકોના સપના પર પાણી ફેરવતા કમિટીની પુનઃ રચના લંબાય તેવી પ્રબળ શકયતાઓ વર્તાઈ રહી છે. પાલિકાની સાધારણ સભામાં વિવિધ કમિટીઓની રચના નો મુદ્દો એજન્ડામાં સમાવાયો નથી. જેને પગલે જનરલ બોર્ડ બાદ કમિટીઓની મુદત પૂર્ણ થતા તમામ કમિટીઓનો વહીવટ પાલિકા પ્રમુખ હસ્તગત થઈ જશે. જેથી સત્તાના સંભવિત કેંદ્રીકરણને લઈને ભાજપી નગરસેવકોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. પરંતુ કમિટી મેળવવાની લ્હાયમાં ક્યાંક કપાઈ ન જવાય તે માટે નગરસેવકો અવાજ ઉઠાવતા ખચકાઈ રહ્યા છે. જોકે, સત્તાના કેંદ્રીકરણને પગલે પાલિકા પ્રમુખ સર્વોપરી બની જતા માત્ર શોભાના ગાંઠિયા સમા બની રહેતા નગરસેવકો સત્વરે કમિટીઓની પુનઃ રચના થાય તેવી લાગણી વ્યક્ત કરી રહ્યા છે.

## સહમત થયા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સંબંધોને આગળ વધારવા માટે ભારતીય પક્ષની સાથે કામ કરવા માટે ઉત્સુક છે. વ્યૂહાત્મક સંચાર સંબંધોને મજૂબત કરવા, પારસ્પરિક વિશ્વાસને વધારવા, વેપારી સહકારને વધારવા મુદ્દે પણ વાતચીત થઈ રહી છે. વુહાનમાં મોદી અને શી જિંગપિંગે પોતાની સેનાને વ્યૂહાત્મક માર્ગદર્શન જારી કરવાનો નિર્ણય લીધો હતો. જેનો મુખ્ય ઉદ્દેશ્ય ભવિષ્યમાં ડોકલામ જેવી સ્થિતિથી બચવાનો રહ્યો છે. મોદીએ કહ્યું હતું કે, જોહાનિસબર્ગની મુલાકાતે તેમને પોતાની ભાગીદારીને મજબૂત કરવાની પણ તક આપી છે.

## એલજેપી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અત્યાચાર રોકવા સાથે સંબંધિત કાયદાની મૂળ જોગવાઈને લાગૂ કરવા માટે વટહુકમ લાવવાની માંગ છેલ્લા ચાર મહિનાથી કરી રહી છે પરંતુ સરકાર આવા કોઇ પગલા લઇ રહી નથી. તેમણે ઉમેર્યું હતું કે, કેન્દ્ર સમક્ષ એસસી અને એસટી એક્ટને ફરીથી સંસદમાં બિલ તરીકે ૭મી ઓગસ્ટ સુધી રજૂ કરવા માટે કહેવામાં આવ્યું છે. આનાથી પૂર્વ કાયદાને ફરીથી લાગૂ કરી શકાશે. ચિરાગે કહ્યું હતું કે, બીજી એપ્રિલના દિવસે વિરોધ પ્રદર્શનની સરખામણીમાં નવમી ઓગસ્ટના દિવસે પ્રદર્શન વધારે ઉગ્ર બની શકે છે. જો કે, ભાજપને સીધીરીતે ધમકી આપવાથી બચવાના પ્રયાસ એલજેપીએ કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, એલજેપીને વડાપ્રધાન નરેન્દ્રમોદીમાં પૂર્ણ વિશ્વાસ છે. કારણ કે, તેમની સરકારે દલિતો માટે ઘણું કામ કર્યુ છે. ચિરાગે કહ્યું હતું કે, મોદીને સ્પષ્ટ શબ્દોમાં કહેવામાં આવ્યું છે કે, એસસી-એસટી એક્ટમાં કોમા અને ફુલસ્ટોપ કંઈપણ બદલાશે નહીં. ૯મી ઓગસ્ટ સુધી તેમની માંગણી સ્વીકારવામાં આવશે નહીં તો તેમની પાર્ટી ભાજપના નેતૃત્વમાં એનડીએ સરકારથી છેડો ફાડી લેશે કે કેમ તે અંગે પૂછવામાં આવતા એલજેપી નેતાએ કહ્યું હતું કે, જ્યારે સમય આવશે ત્યારે પગલા લેવામાં આવશે. કાયદાને મૂળ સ્વરુપમાં રજૂ કરવાની માંગને લઈને અનેક દલિત સંગઠનો અને આદિવાસીઓ તરફથી ૧૦મી ઓગસ્ટના દિવસે બંધની હાકલ કરી છે.

## ભારે વરસાદ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કેટલાક વિસ્તારોમાં ખુબ વધારે પાણી ભરાઈ જવાના કારણે મુશ્કેલી સર્જાઈ ગઈ હતી. દિલ્હી-એનસીઆરમાં ભારે વરસાદના

લીધે લોકો આજે સવારથી લઈને મુશ્કેલીમાં દેખાયા હતા. જુદા જુદા વિસ્તારમાં પાણી ભરાવા, ઈમારતોના હિસ્સે ધરાશાયી થવા અને માર્ગોમાં ગાબડા પડ્યા હોવાના અહેવાલ મળ્યા છે. ગઈકાલે ગુરૂવારના દિવસે ઈન્દિરાપુરમમાં તંત્રની લાપરવાહીના કારણે એકનું મોત થયું હતુ. કરંટ લાગવાથી ૩૪ વર્ષના આ યુવકનું મોત થયું હતુ. ઈન્દિરાપુરમના શિકરા સનસિટી વિસ્તારમાં આ બનાવ બન્યો હતો. નોઇડા, ગાઝિયાબાદ અને ઉત્તરપ્રદેશ તથા દિલ્હીમાં સરહદી વિસ્તારમાં રહેતા લોકોને સૌથી વધારે તકલીફ પડી રહી છે. રસ્તાઓ તળાવોમાં ફેરવાઈ ગયા છે.

## સાહિત્ય વૃત્ત ● ચોથા પાનાનું ચાલું

કવિ અને ગુજરાતી દલિત સાહિત્ય અકાદમીના પ્રમુખ પ્રવીણ ગઢવી, શિવશંકર દવે અને ડૉ. રાજેશ મકવાણાના મુખ્ય મહેમાન પદે અને ગાંધીનગર સાહિત્યસભાના પ્રમુખ નટવરે હેડાઉ; અધ્યાપક ડૉ. શિવરામ શ્રીમાળી અને સાહિત્યકાર ડૉ. દિનુ ભદ્રેસરિયાની અતિથિ વિશેષ તરીકેની ઉપસ્થિતિમાં યોજાશે, જેમાં કવયિત્રી હિનાબેન ગાંધી ખાસ ઉપસ્થિત રહેશે. આ સમારોહ તા. ૨૮-૦૭-૨૦૧૮ને શનિવારના રોજ બપોરના ૪.૦૦ થી ૭.૦૦ કલાકે, ડૉ. આંબેડકર ભવન, ગ - રોડ, સેકટર-૧૨, ગાંધીનગર ખાતે રખાતે યોજાશે. ના કાર્યવાહક તંત્રી નટુભાઈ પરમાર તથા પ્રવીણ શ્રીમાળી દ્વારા જાહેર હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

● મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળ, ગાંધીનગર દ્વારા વિદ્યાર્થીઓને કાવ્યરચના અને કાવ્યપઠનની લાક્ષણિકતાઓની જાણકારી હેતુસર એક શિબિરનું આયોજન કડી સર્વવિદ્યાલય, સેકટર-૨૩ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં આરંભે નરેન્દ્રભાઈ નાયીએ મોહનલાલ પટેલના જીવન અને કવનની માહિતી આપી હતી. સાહિત્યકાર અને સંતપરંપરાના ગુરુ દલપતભાઈ પઢિયારે કવિતા એટલે શું ? કવિતાની શક્તિઓ, કાવ્યમાં ધ્વનિ વિગેરે વિષે ઝીણવટપૂર્વકની માહિતી આપી હતી અને કાવ્યપઠન કર્યું હતું. કેમ્પસ ડાયરેકટર ડૉ. સોમભાઈ પટેલે પ્રતિભાવો વ્યક્ત કર્યા હતા. સમગ્ર કાળક્રમનું સંચાલન અસ્મિતા પટેલે કહ્યું હતું.

- muljibhaidadhi@gmail.com

## જીવ કલ્યાણ સંસ્થાની માસિક બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૨૭

જીવ કલ્યાણ સંસ્થા ગાંધીનગરના ઉપક્રમે તા. ૨૯ જુલાઈને રવિવારના રોજ સાંજે ૫.૩૦ કલાકે શ્રી પંચદેવ મંદિર સેકટર-૨૨ ખાતે સંસ્થાની જુલાઈ માસની બેઠક યોજાશે. જેથી સંસ્થાના સૌ સભ્યોને હાજર રહેવા સંસ્થાના મંત્રી બી.ડી.શર્મા દ્વારા અનુરોધ કરાયો છે.

## તોતિંગ વૃક્ષ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઘસડાતા વધુ ગંભીર ઈજા થઈ ન હતી. શહેરમાં વરસાદી દિવસોમાં જોખમી વૃક્ષો જમીનદોસ્ત થવાના અનેક કિસ્સા બનતા હોય છે. ત્યારે ચોમાસા દરમિયાન વૃક્ષ ધરાશાયી થવાના લીધે કોઈ જાનહાની ન થાય તે માટે વનતંત્રએ જરૂરી અભ્યાસ કરી જોખમી વૃક્ષોની કટોતી કરવી જોઈએ તેવો પણ સુર ઉઠવા પમ્યો છે.

## સતર્ક બની

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લા વિકાસ અધિકારી હિતેશ કોયાએ પણ બેઠકમાં નીચેના સ્તરેથી રિપોર્ટ સમયસર ન આવતા હોવાને લઈ નારાજગી વ્યક્ત કરી જણાવ્યુ હતુ કે જુદા જુદા ફોર્મેટમાં જે રિપોર્ટસ મોકલવાના હોય છે તેમાં ઉદાસીનતા યોગ્ય નથી.

તેમણે પાણીના ક્લોરીનેશન માટે ગ્રામીણ વિસ્તારમાં જાગૃતિ આવે અને તંત્ર તેમાં પૂરક બને તેવો આગ્રહ કરી જણાવ્યુ હતુ કે રોગચાળાની સ્થિતિ નથી તે સારી વાત છે પણ ઉદાસીનતા સેવવી તે સૌથી ખરાબ બાબત છે.

તંત્રના અધિકારીઓએ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ સાથે સંપર્કો વધારી અને ક્લોરીનેશન સહિત જન-જાગૃતિ માટેની કામગીરી કરવી આવશ્યક છે.

આ બેઠકમાં જિલ્લા આરોગ્યતંત્રના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## જિજ્ઞાસા જગાવો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જાતે ગણન માટે દાખલા આપ્યા હતા. આ દાખલા બોર્ડ પર નહિ પરંતુ વિદ્યાર્થીની નોટબુકમાં લખી આપી અને ગણવા જણાવ્યુ હતુ. તેમણે વાંચન માટે પણ આવુ જ કર્યુ હતુ.

ગાંધીનગર શહેરની પ્રા. શાળાઓના બાળકોની ગુણવત્તા જોઈ ચોંકી ઉઠ્યા હતા. તેમણે શિક્ષકો દ્વારા પરિણામ પછી કરાયેલા મૂલ્યાંકનને બદલે તેમણે જાતે જ મૂલ્યાંકન કરી અને શિક્ષકોને કહ્યુ હતુ કે તમે બાળકની સાથે તમારી જાતને જોડો તેની ક્ષમતાને સમજો, પડકાર મોટો છે, બાળકને કેન્દ્રમાં રાખી વિષયને વિસ્તારથી સમજાવો એટલુ જ નહિ વિષયને સરળતાથી બાળક સમજી શકે તેવા ઉપચાર કરો.

બીજી તરફ જિલ્લા વિકાસ અધિકારી હિતેશ કોયા આજે દહેગામ તાલુકામાં મિશન વિદ્યા માટે ગયા હતા. ત્યાં તદન વિપરીત સ્થિતિ જોવા મળી હતી. બાળકોની ગેરહાજરી અંગે તેમણે શિક્ષકો સાથે વાતચીત કરી તો જણાવ્યુ કે તેમને શાળાકીય શિક્ષણમાં રસ ઓછો છે પરંતુ પરંપરાગત વ્યવસાય તેમનો છે તેમાં વધુ રસ ધરાવે છે. 'મદારી' કોમના બાળકોની ગેરહાજરી જોઈ તેમણે આ પૃચ્છા કરી હતી. અહિ શિક્ષકોએ સારી મહેનત કરી અને ઘણી તૈયારીઓ બાળકોને શીખવાડવા માટે કરી હતી તેની તેમણે સમીક્ષા કરી હતી.

દરમ્યાન સરગાસણ પ્રા. શાળાના શિક્ષકોએ તો તેમના નબળા વિદ્યાર્થીઓ માટે ખાસ બુકો ઝેરોક્ષ કરાવી અને તૈયાર કરી છે. શિક્ષકોએ તેમના ખિસ્સાના રૂ. પચાસ હજાર જેવી રકમ ખર્ચી અને શિક્ષણને ગુણવત્તાસભર બનાવવા આખો યજ્ઞ આરંભ્યો છે.